અંબાજી મહાકુંભ મેળા માટે વહીવટી તંત્રનો એકશન પ્લાન

અંબાજી, તા. ૨૯

વિશ્વ -સિદ્ધ શકિતપીઠ અંબાજીમાં યોજાનારો ભાદરવી પૂનમનો મહામેળો આજે ત્રીજી સપ્ટે.ના રોજથી શરુ થશે ત્યારે અંદાજીત ૩૦ લાખ થી વધુ પદયાત્રિકો આવવાની ધારણાઓ તંત્રએ બાંધી છે અને આવનાર લાખો પદયાત્રીઓને કોઈ અગવડ ન પડે અને તમામ -કારની સુખ સુવિધા મળી રહે તે માટે તમામ તંત્રોએ અદ્ભુત કવાયત આરંભી છે. ત્યારે આજે અંબાજી ખાતે યોજાયેલા ‘મિટ ધ-સ’ કાર્યક્રમ માં યાત્રિકો માટે નાં એકશન પ્લાન ની જિલા કલેકટર રાણા એ વિગતો જાહેર કરી હતી.

બનાસકાંઠા નાં પવિત્ર યાત્રાધામ અને ૫૧ શક્તિ પીઠો માનું એક એવું અંબાજી ખાતે આગામી ૩ જી સપ્ટેમ્બરે સઙ્ગ દિવસીય મહાકુંભ મેલો યોજાઈ રઙ્ગો છે, ત્યારે અંબાજી ખાતે અત્યારથી જ અંબેના જયજયકાર અને કુમ કુમ ગુલાલની છોળો વચ્ચે અલૌકિક ભક્તિમય માહોલમાં જગતજનની જગદંબાના મંદિર પર ધજાઓ ચડાવાનો -રંભ કરાયો હતો.ત્યારે અરવલ્લી ની ગીરિમાંલા ઓઁ ??? મારી અંબે જય જય અંબે’ના નાદથી ગુંજી ઠી હતી ત્યારે ભક્તોમાં અનેરો ઉત્સાહ જોવા મળ્યો હતો. તો વળી શરુ થયેલા કેટલાક સેવા કેમ્પોમાં પદયાત્રીઓ માટે ચા-નાસ્તો અને મિષ્ટાન સહિતના ભોજનનો -રંભ પણ કરાયો છે.

ત્યારે યા દેવી સર્વભુતેષુ શક્તિ રૂપેણ સંસ્થિતા નમઃ સ્તસ્યૈ નમઃસ્તસ્યૈ નમઃસ્તસ્યૈ નમો નમઃ નો નાદ અંબાજી માં ગુંજતો થયો છે ત્યારે મેળાના આરંભ પહેલા જ તંત્રે એકશન પ્લાન મુજબની કામગીરી ને આખરી ઓપ આપ્યો છે જેમાં મંદિર દ્વારા પણ લાખો યાત્રિકો માટે વધારાની સુવિધાઓ મંદિર પરિસરમાં કરવામાં આવી છે. જેમાં મંદિરમાં સહાયતા કેન્દ્ર અને નિયમન કેન્દ્ર ખોલવામાં આવ્યા છે. જેમાં યાત્રિકોને જરૂરી માર્ગદર્શન-સલાહ- સૂચનો તેમજ માહિતગાર કરવા માટે સહાયતા અને નિયમન કેન્દ્રો ખોલવામાં આવેલ છે જે અંગેની જાહેરાત મંદિર સંકુલ- ચાચરચોક અને દર્શનપથથી મંદિરના મુખ્ય -વેશદ્વાર, ફ્લાય ઓવરબ્રિજ સુધી લાઉડસ્પીકરથી સાંભળી શકાય તેવી વ્યવસ્થા ગોઠવવામાં આવી છે. આ સાથે સાથે વધારાના ભેટ કેન્દ્રો અને -સાદી કેન્દ્રો પણ ખોલવામાં આવ્યા છે.આવનાર પગપાળા દર્શનાર્થી યાત્રાળુઓ માટે મેળા દરમિયાન એસ.ટી. બસ સ્ટેશનના કમ્પાઉન્ડમાં પગરખા કેન્દ્ર, લગેજ રૂમ અને સંઘોના રથ મૂકવાની વિશેષ વ્યવસ્થા ગોઠવાઈ છે. મેળા દરમિયાન યાત્રિકોને અંબાજીના દિવાળી બા ગુરુભવન ધર્મશાળાના કમ્પાઉન્ડમાં તથા અંબિકા ભોજનાલય અને ગબ્બર ખાતે નિઃશુલ્ક ભોજનની વ્યવસ્થા ગોઠવાઈ છે.

અંબાજીમાં ૨૦ જેટલી સમિતિઓની રચના કરવામાં આવી છે જેમાં જિલ્લાના મુખ્ય અધિકારીના અધ્યક્ષપદ હેઠળ એકશન પ્લાન મુજબની કામગીરીની વહેંચણી કરવામાં આવી છે.ઈતિહાસ માં -થમ વાર અંબાજી મેળાં નું વેબ્કાસ્તિંગ થઈ રહ્યું છે ત્યારે વિશ્વના કોઈ પણ ખૂણે થી ભાવિક આ મહામેળા નાં જીવંત દર્શ્યો જોઈ શકશે અને તે રીતે મેળા ની મજા માની શકશે તો વળી, જીલ્લા પોલીસ વડા એ પણ અંબાજી મેલા દરમ્યાન અભૂતપૂર્વ સુરક્ષા ની પુરતી વ્યવસ્થા કરી છે અને તમામ શકમંદો ઉપર પોલીસે સીસી ટીવી કેમરા મારફતે બાજ નજર રાખશે જયારે ૫૧ શક્તિપીઠ પર ઉપર પણ તમામ જગ્યા એ પોલીસ ટીમો તેનાત કરાશે અને યાત્રિકો નું પુરતું ધ્યાન રાખશે તેવું જીલ્લા કલેકટર દિલીપ કુમાર રાણા અને જીલ્લા પોલીસ વડા એવા ધર્મેન્દ્ર સિંગ વાઘેલાએ જણાવ્યું હતું.

પ્રાંતિજમાં આવેલ જૈન શ્વેતાંબર મૂર્તિપૂજક દેરાસરમાં પર્યુષણના સવંત્સરી પ્રસંગે ધર્મનાથ ભગવાનને યુવાનો દ્વારા આંગી કરવામાં આવી હતી. મોટી સંખ્યામાં ભાવિકોએ હાજર રહી નયનરમ્ય આંગીના દર્શન કરી ધન્યતા અનુભવી હતી. (તસવીર : સંજય રાવલ, પ્રાંતિજ)

ગાંધીનગરમાં ગંદકી અને કચરા વિશે ટીપ્પણી કરનારા સુજ્ઞ નાગરિકો ઘણીવાર પોતે જ કચરો અને ગંદકી કરી બેસે છે. સેક્ટર-૬ સ્વામીનારાયણ મંદિર સામે અને નાના ચીપટાઈપ શોપીંગ પાછળ કોઈએ કચરાના ઢગ કર્યા છે. કચરાપેટી બિલકુલ નજીક હોવા છતાં તેમાં કચરો નાંખવાની તસ્દી સુદ્ધા લેવાઈ નથી. આમાં તંત્રનો શો વાંક ? (તસવીર : કશ્યપ નીમાવત)

એપોલો હોસ્પિટલ્સ દ્વારા વિદેશી દર્દીની સફળતાપૂર્વક રીડૂ બેન્ટલ સર્જરી કરાઈ

ગાંધીનગર, તા. ૨૯

ગુજરાતમાં હેલ્થકેર સર્વિસની ટેકનોલોજીકલ પ્રગતિનું ઉદાહરણ પુરૂ પાડીને, ભારતની હોસ્પિટલોમાં મોખરાનું સ્થાન ધરાવતી એપોલો હોસ્પિટલ્સના અમદાવાદ એકમમાં સફળતાપૂર્વક ‘રીડૂ બેન્ટલ સર્જરી’ કરવામાં આવી છે. આ સર્જરી ટાન્જાનીયાની ૫૦ વર્ષની મહિલા ઉપર કરવામાં આવી છે. આ સિદ્ધિનું મહત્વ એટલા માટે છે કે ભારતમાં આ સર્જરી સફળતાપૂર્વક થયાના ખૂબ જ જૂજ કિસ્સાઓ જોવા મળ્યા છે. ગુજરાતને સંબંધ છે ત્યાં સુધી એપોલો હોસ્પિટલ એ આ પ્રકારની જીવનરક્ષક સર્જરી કરનાર પ્રથમ હોસ્પિટલ બન્યું છે.

આ કેસની વિગત એવી છે કે દાર-એસ-સલામ, ટાન્ઝાનીયાની મહિલા થેરેસીયા મબાટાએ તેમના દેશમાં વર્ષ ૨૦૦૯ માં વાલ્વ રિપ્લેસમેન્ટ સર્જરી કરાવી હતી. અને તે પછી તે રૂટીન દવાઓ લેતા હતા. જુલાઈ-૨૦૧૪ માં તેણે પીઠમાં દુખાવાની અને હૃદયના ધબકારાની ગતિ અસામાન્ય થઈ જવાની ફરીયાદ કરી હતી. તેમના કાર્ડિયોલોજીસ્ટને તપાસમાં હૃદયની ગંભીર બીમારી જણાઈ, જે ખૂબ જ આગળ વધી ચૂકી હતી. આથી તેમને વધુ સારવાર માટે તાત્કાલિક એપોલો હોસ્પિટલ, અમદાવાદમાં ખસેડવામાં આવ્યા હતા. જ્યાં તેમના પર જટીલ કહી શકાય તેવી રેડૂ બેન્ટલ સર્જરી કરવામાં આવી હતી.

મોડાસાના નંદીસણ કંપામાં ચોરી કરવા આવેલ ચોરોને ગામ લોકોએ પકડી પાડયા

ભાગેલા બે ચોરોને શોધવા પોલીસ ધ્વારા તપાસ હાથ ધરાઈ

મોડાસા, તા.૨૯

અરવલ્લી જીલ્લા ના મોડાસા તાલુકા ના નંદિસણ કંપા ગામે ગત મોડી રાત્રે ગામ ના એક મકાન માં ચાર ચોર ચોરી કરવા આવ્યા હતા આ ચોર માં થી બે ચોર ને ગામ લોકો એ હિંમત કરી પકડી પાડયા હતા જયારે બે ચોર નાસવામાં સફળ રહયા હતા.

(તસવીર : સમીર બલોચ, મોડાસા)

આ અંગે પ્રાપ્ત માહીતી અનુસાર મોડાસા તાલુકા માં આવેલ નંદીસણ કંપા માં ગઈ રાત્રી ના સુમારે ચાર ચોરો યોગેશભાઈ જયંતીભાઈ ના મકાન માં ચોરી કરવા માટે યોગેશભાઈ ના પાછળના ભાગના દરવાજો તોડવાનો પ્રયાસ કરતાં હતા તે સમયે યોગેશભાઈ જગી જતા તેમને તેમના પાડોશી ને ફોન ધ્વારા જાણ કરી અને એકઠા થઈ સમય સુચકતા વાપરી આ ચોરો ને પકડવા ચોરો ની પાછળ પડયા હતા જેમાં થી બે ચોર ભાગી છુટયા હતા અને બે ચોરને ગામલોકો ધ્વારા પકડી પાડવામાં આવ્યા હતા જયારે આ પકડેલ બન્ને ચોરો ને મોડાસા રૂરલ પોલીસ સ્ટેશને સોપી દેવામાં આવ્ય હતા

આ અંગે રૂરલ પોલીસ સ્ટેશન ના પોલીસ સબ ઈન્સપેકટર ઝાલા એ ફરીયાદી યોગેશ કુમાર ની ફરીયાદ નાઆધારે (૧) ઈશ્વરભાઈ વાઘરી (રહે.સારોલ તા.બોરસદ, જી. આણંદ) (૨) શકરાભાઈ વાઘરી (રહે. સારોલ તા.બોરસદ. જી.આણંદ) (૩) ચીમનભાઈ વાઘરી (રહે.કઠોલ તા.બોરસદ. જી.આણંદ) (૪) શકરાભાઈ વાઘરી (રહે.સારોલ તા.બોરસદ. જી.આણંદ).

આ ચાર માં થી ઉપર ના બે ને ગામલોકો એ પકડી પોલીસ ને હવાલે કર્યા હતા જયારે પોલીસે બાકીના બે ચોરો ને પકડવા ચકોગતિમાન કર્યાહતા.

ભિલોડા આદિવાસી આર્ટસ એન્ડ કોમર્સ કોલેજનું ગૌરવ

ભિલોડા આદિવાસી આર્ટસ એન્ડ કોમર્સ કોલેજ શારીરિક શિક્ષણ વ્યાખ્યાતા ડૉ.આર.એ.ફળદુએ તાજેતરમાં ઓસ્માનીયા યુનિવર્સીટી-હૈદરાબાદ મુકામે યોજાયેલ આંતર રાષ્ટ્રીય કોન્ફરન્સમાં ૨૫મી પાન એશીયન કોન્ફરન્સ ઓફ સ્પોર્ટ્સ એન્ડ ફીજીકલ એજ્યુકેશન-૨૦૧૪ માં બે રીસર્ચ પેપર રજુ કર્યા હતા. તેમની પસંદગી ચેર પરસન તરીકે કરવામાં આવી હતી. તેમને શારીરિક શિક્ષણના વિષયમાં પેસેફિક યુનિવર્સીટી, ઉદેપુરમાં ગાઈડ તરીકે પસંદગી કરવામાં આવ્યા હતા. આ અગાઉ પણ તેમણે આંતર રાષ્ટ્રીય કક્ષાના કોન્ફરન્સમાં ભાગ લીધો હતો. યુ.જી.સી.ના બે મોઈનોર રીસર્ચ પ્રોજેક્ટ પુરા કર્યા છે. ડૉ.રમેશ અરજણભાઈ ફળદુએ ગુજરાત આદિવાસી વિકાસ પરીષદ, દાહોદ, આદિવાસી આર્ટ્સ એન્ડ કોમર્સ કોલેજ, ભિલોડા અને હેમચંદ્રાચાર્ય ઉત્તર ગુજરાત યુનિવર્સીટી, પાટણનું ગૌરવ વધારેલ છે.

ધનસુરામાં ઘર આંગણેથી મહિલાના ગળામાંથી સોનાના દોરાની તફડંચી

ધનસુરા, તા. ૨૯

ધનસુરાની એક સોસાયટીમાં ઘરની બહાર આરામ કરી રહેલ મહિલાના ગળામાંથી ચોર ઈસમો મોડી રાત્રે સોનાનો દોરો લઈ રફુચક્કર થઈ ગયા હતા. થોડીવાર બાદ મહિલાને ચોરી અંગે માલુમ પડતા બુમાબુમ કરી આસપાસમાં તપાસ કરી ચોર ઈસમો ગુમ થઈ ગયા હતા.

પ્રાપ્ત માહિતી અનુસાર ધનસુરા સહિત આસપાસના વિસ્તારમાં છેલ્લા કેટલાક સમયથી ચોરી, ઘરફોડચોરી, વાહનચોરી સહિતના ગુનાઓનું પ્રમાણ સતત વધી રહ્યું છે. આથી રહિશોમાં ભયની લાગણી ફેલાઈ છે. બીજી તરફ પોલીસની કામગીરી સામે પણ અનેક પ્રશ્નાર્થ ઉભા થવા પામ્યા છે. હજુ તો જુના ગુનાઓ ઉકેલાયા નથી ત્યારે આજે ફરી ચોર ઈસમોએ ધનસુરાની હરસિદ્ધ સોસાયટીમાં ગર આંગણે આરામ કરતી દક્ષાબેન પરમાર નામની મહિલાના ગળામાં રહેલ ૨૦ હજારની કિંમતના સોનાના દોરાની તફડંચી કરી પલાયન થઈ ગયા હતા. ચોરી અંગે મહિલાને જાણ થતા બુમાબુમ કરી હતી પરંતુ લોકોને ખબર પડે તે પહેલા તો ચોર ઈસમ ઘટના સ્થળેથી છૂમંતર થઈ ગયા હતા. આ ચોરી અંગે પોલીસને જાણ કરતા પોલીસે ગુનો નોંધી વધુ તપાસ હાથ ધરી છે.

ભાદરવી પૂનમે મા અંબાના દર્શને જનાર પદયાત્રીઓ માટે ચ-૦ પાસે પંચદેવ યુવક મંડળ દ્વારા સેવાકેન્દ્રનો આરંભ થઈ ગયો છે. (તસવીર : કશ્યપ નીમાવત)

અવસાન નોંધ

વસંતલાલ મોહનલાલ શ્રીમાળી પલીયડવાળા (નિવૃત્ત આચાર્ય) ના ધર્મપત્નિ અ.સૌ. કાશીબેનનું અવસાન તા. ૨૭ ના રોજ થયેલ છે. સ્વર્ગસ્થનું બેસણું તા. ૩૦ ઓગસ્ટ, શનિવાર, સવારે ૯.૦૦ થી ૧૨.૦૦ કલાકે બ્લોક નં. ૮૦૨, આદર્શનગર, પીળો પટ્ટો, સેક્ટર-૨૪, ગાંધીનગર ખાતે રાખવામાં આવેલ છે.

કરોલ ડેમ માંગે પાણી

મજરા-તલોદ માર્ગ ઉપરનો કરોલ ડેમ પૂરતા વરસાદના અભાવે પૂરો ભરાયો નથી. તા. ૫-૧૨-૧૯૫૪માં પાણીની અઢળક આવકને ધ્યાને લઈ ડેમ બનાવવા પ્રથમ ઈંટ મુકી શરૂ કરાયો હતો. જે તા. ૩૧-૩-૧૯૫૬માં રૂ. ૫૦૧૦૦૦ના ખર્ચે પૂર્ણ થયો હતો. આ ડેમ હાલ ૨૩૪૩ ફુટની લંબાઈ ધરાવે છે જયારે ઉંચાઈ ૪૪ ફુટની છે. પ્રાંતિજ તાલુકાના કરોલ, લીમલા, સદાના મુવાડા, ધડકણ, મજરા, ઉંછા, તાજપુર કુઈ સહિત અનેક ગામોના બોર-કુવા તથા ખેતીવાડી આ ડેમના ભરચક પાણી આધારિત છે. પરંતુ વરસાદની અનિશ્ચિતતાઓ વચ્ચે અધુરો ભરાયેલા ડેમે ખેડુતોમાં ચિંતા પ્રસરાવી છે હર્યાભર્યા લીલાછમ ખેતરો માટે ભરપૂર પાણીની આવક આ ડેમની હાલમાં પ્રથમ જરુરીયાત બની છે.

શબ્દાવલી - ૫૪૯૦

૧	૨		૩	■	૪	૫	
૬		■	૭	૮			■
	■	૯			■	૧૦	૧૧
૧૨			■	૧૩		■	
■	■		■		■	૧૪	
૧૫			૧૬	■	૧૭		
	■	૧૮		૧૯	■		■
૨૦			■	૨૧			

આડી ચાવી

૧. બાળકોને સુવડાવવા ગવાતું ગીત (૪)
૪. લંકાનો રાજા, લંકેશ (૩)
૬. ઝાડનો મુળ પછીનો ભાગ(૨)
૭. ગોટાળો (૪)
૯. અરજ કરવી (૩)
૧૦. લલ્લા લલ્લા... દૂધ કી કટોરી (૨)
૧૨. ના કોઇ ઉમંગ હૈ, ના કોઇ... હૈ (૩)
૧૩. ભણતરને અંગ્રેજીમાં... કહે છે (૨)
૧૪. પાણીનો... ચકલી (૨)
૧૫. પડદો, આડશ (૪)
૧૭. એક કંદ (૩)
૧૮. વેણી, ફૂલનો માથામાં નખાતો ગોટો (૩)
૨૦. સાહ્યબી, ભપકો (૩)
૨૧. શરીર સ્ફૂર્તિલુ રાખવા... કરવી જોઇએ (૪)

ઊભી ચાવી

૧. વેંત જેટલા અંતરે (૪)
૨. યુદ્ધ કર (૨)
૩. પહાડ, પર્વત (૩)
૪. બાજરીના લોટની પ્રવાહી સ્વરૂપે બનાવાતી વાનગી (૨)
૫. હિન્દુ ધર્મમાં પવિત્ર ગણાતું વૃક્ષ (૩)
૮. મસ્ટર, હાજરીપત્રક (૪)
૯. ... ના ભેદ પારખવા સહેલા નથી (૬)
૧૧. વારેવારે રીસ ચડાવ્યા કરતી હોય તેવી (૪)
૧૪. પિતૃદ્વેષ વગેરેને... પણ કહેવાય (૪)
૧૫. દહનશીલ (૩)
૧૬. કાર્ય, કામ (૨)
૧૯. ... ટોક વગરનું જીવન હોય તેને સ્વતંત્રતા કહેવાય? (૨)

શબ્દાવલી ૫૪૮૯ના જવાબ

આડી ચાવી :- (૧) દમદાટી (૪) કદાચ (૬) ડમડમ (૭) કોલમ (૯) તાકા (૧૦) વાડી (૧૧) સીસકારો (૧૩) વરો (૧૪) સોબત (૧૫) કસોટી (૧૮) મારધાડ (૧૯) પરાગ (૨૧) રમતગમત

ઊભી ચાવી :- (૧) દર્શકો (૨) દાડમડી (૩) ટીમ (૪) કમ (૫) ચટકારો (૮) લવારો (૯) તાકાત (૧૧) સીસોટી (૧૨) સબ (૧૩) વટેમાર્ગુ (૧૫) કધાર (૧૬) સોડમ (૧૭) સ્વાગત (૧૯) પગ (૨૦) રામ

વિઘ્નહર્તાનું આગમન

● **અનુસંધાન છેલ્લાનું ચાલુ**

શોભાયાત્રા સેક્ટરના રીંગરોડ પર ફરી હતી. જેમાં યુવાનોએ ડીજેના તાલે નૃત્ય કર્યા હતા અને ગણપતિનો જય જયકાર બોલાવ્યો હતો.

સેક્ટર-૨-સી ખાતે સતત ૧૩ મા વર્ષે આયોજિત ગણેશોત્સવમાં ભવ્ય શોભાયાત્રા કાઢવામાં આવી હતી. આ શોભાયાત્રા સવારે ૧૦.૦૦ વાગે નીકળીને સેક્ટરના રીંગરોડ પર ફરી હતી. જેમાં ડીજે સંગીતના સૂરે શ્રધ્ધાળુઓ ભક્તિભાવ પૂર્વક ઝુમી ઉઠ્યા હતા. આ શોભાયાત્રામાં લગભગ ૩ હજાર જેટલા શ્રધ્ધાળુઓ સાથે મુખ્ય મૂર્તિના સ્પોન્સર બાબુભાઈ પટેલ, રાજ્યસભાના સદસ્ય મનસુખભાઈ માંડવ્યા, મંગલમૂર્તિના સ્પોન્સર સંજયભાઈ સંઘવી સહિત અગ્રણીઓ જોડાયા હતા.

આ ઉપરાંત શહેરમાં સેક્ટર-૧૯ ખાતે શોપીંગ સેન્ટરમાં શોભાયાત્રા બાદ ગણેશ સ્થાપન કરાયું હતું. સે. ૨૪ માં પણ ગણેશોત્સવની ધૂમ મચી હતી અને આ સેક્ટરમાં નાની-મોટી અનેક શોભાયાત્રાઓ કાઢવામાં આવી હતી. ગાંધીનગરના ગુડા વિસ્તારોમાં પણ આજે ગણેશોત્સવ છવાયો હતો. વાવોલમાં હોળી ચકલા ખાતે ગણેશજીનું સ્થાપન કરાયું છે. જ્યારે ઈન્ફોસિટી કોમ્પ્લેક્ષમાં પણ ગણેશોત્સવનું આયોજન કરાયું છે. આ ઉપરાંત સે. ૨૬, સે. ૧૪, સે. ૩૦, જીઈબી કોલોની વગેરે જગ્યાએ ગણપતિની શોભાયાત્રાઓ નીકળી હતી. સાર્વજનિક ગણેશોત્સવની સાથે શ્રધ્ધાળુઓએ પોતાના ઘરોમાં પણ ગણેશજીનું સ્થાપન કર્યું હતું અને તેમની પધરામણી પણ નાની મોટી શોભાયાત્રા દ્વારા કરાઈ હતી. શ્રધ્ધાળુઓએ ભક્તિભાવ અને ઉલ્લાસપૂર્ણ માહોલમાં ગણેશજીની આરાધના-આરતી કરી હતી.

સિવિલની મુલાકાતે

● **અનુસંધાન પહેલાનું ચાલુ**

છે જેણે એન.એ.બી.એચ.નું પ્રમાણપત્ર મેળવ્યું છે. મળતી વિગતો પ્રમાણે આ હોસ્પિટલમાં દર્દીઓની સેવાઓ અને સારવાર બાદ સાજા થઈ જતા દર્દીઓની સંખ્યામાં પણ નોંધપાત્ર વધારો થવા પામ્યો છે.

સિવિલ હોસ્પિટલ દ્વારા આ ટીમ સમક્ષ એક પાવર પોઈંટ પ્રેઝન્ટેશન પણ તૈયાર કરવામાં આવી રહ્યું છે. આ માટે સુપ્રિટેન્ડન્ટ દ્વારા પણ નિયમિત સેવાઓની ચકાસણીને લઈ રાઉન્ડ લેવામાં આવી રહ્યા છે.

પ્રભારી સચિવોને...

● **અનુસંધાન પહેલાનું ચાલુ**

અધિકારીઓ સાથે કરેલી બેઠકોની પરિસ્થિતિ અંગેની સમીક્ષા હાથ ધરવામાં આવી હતી.

ઉચ્ચ અધિકારીઓની મળેલી બેઠકમાં એવું ધ્યાન પર આવ્યું હતું કે જિલ્લા પ્રભારી સચિવો તેમને ફાળવેલ જિલ્લાની મુલાકાત લે તે સમયે તેઓ માત્ર જિલ્લા મથકની જ મુલાકાત લેતા હોય છે. અને જિલ્લા અધિકારીઓ સાથે ત્યાં જ બેઠક યોજતા હોય છે.

આના પરિણામે જિલ્લાના અન્ય તાલુકાઓમાં પ્રજાના પ્રશ્નોને યોગ્ય વાચા આપી શકાતી નથી તેમજ તાલુકાને સ્પર્શતા પ્રશ્નો પણ ઉકેલી શકાતા નથી જેના કારણે તાલુકાનો યોગ્ય વિકાસ પણ સાધી શકાતો નથી.

સૂત્રો પાસેથી પ્રાપ્ત વિગતો મુજબ જિલ્લાના તમામ તાલુકાઓના પ્રશ્નો પણ જાણી અને તેનો ઉકેલ લાવી શકાય તે માટે જિલ્લા પ્રભારી સચિવોને માત્ર જિલ્લાના મુખ્ય મથકની મુલાકાત લેવાને બદલે હવે વારાફરતી દરેક તાલુકામાં યોજવામાં આવે તેવી પુનઃ પ્રભારી સચિવોને સૂચનાઓ આપવામાં આવી છે.

પ્રાપ્ત વિગતો મુજબ એક વર્ષમાં જિલ્લાના દરેક તાલુકાઓને આવરી લેવામાં આવે તે રીતે બેઠકનું આયોજન કરવા ઉપરાંત આ અંગેના પોર્ટલમાં જિલ્લાની કેટલી મુલાકાતો લેવામાં આવી તેની વિગતો સહીત મુલાકાત દરમિયાન ધ્યાને આવેલી બાબતો પણ અપલોડ કરવા માટે જિલ્લા પ્રભારી સચિવોને સૂચનાઓ આપવામાં આવી હોવાનું જાણવા મળે છે.

સૂત્રો પાસેથી પ્રાપ્ત વિગતો મુજબ હવે જિલ્લા પ્રભારી સચિવોએ જિલ્લા મુલાકાત દરમિયાન જિલ્લાના તમામ તાલુકાઓની મુલાકાત પણ વારાફરતી લેવાની રહેશે.

૧૦૮ હવે..● અનુસંધાન છેલ્લાનું ચાલુ

આયોજન થયું હતું. જેમાં ૧૦૮ ની જ ટીમના ઈ.એમ.ટી. તથા પાયલોટ સહિતના સ્ટાફે સાંસ્કૃતિક કાર્યક્રમોમાં નાટકો, નૃત્યો તથા માઈમ સહિતની કૃતિઓ રજુ કરી કેટલાક ઈમર્જન્સી સમયે વ્યક્તિને બચવા શું કાળજી રાખવી તે બાબત અનોખી રીતે રજુ કરી હતી. ૧૦૮ સેવા દરમિયાન ટીમને ઈમર્જન્સી સમયે દર્દી પાસેથી મળેલી કિમતી ચિજવસ્તુઓ કે રોકડ તથા અન્ય વિશિષ્ટ કામગીરી કરનાર સ્ટાફને એવોર્ડ એનાયત કરી સન્માનીત કરવામાં આવ્યા હતા. ૧૦૮ જી.વી.કે. ઈ.એમ.આર.આઈ.ના ડાયરેક્ટર શ્રી કે. ક્રિશ્નમ રાજુએ આ કાર્યક્રમમાં હવાઈ વિસ્તારમાં એર એમ્બ્યલન્સ અને દરિયાઈ વિસ્તારમાં બોટ એમ્બ્યુલન્સની સેવાઓ ભવિષ્યમાં શરૂ કરવાની ચાલી રહેલી સક્રિય વિચારણા અંગે જાહેરાત પણ કરી હતી. આ કાર્યક્રમમાં સી.ઈ.ઓ. શ્રી જશવંત પ્રજાપતિ, ડૉ. સુનીલ અવાસીયા, ડૉ. શરદ વ્યાસ પણ ઉપસ્થિત રહ્યા હતા.

આપઘાત કરવા

● **અનુસંધાન છેલ્લાનું ચાલુ**

અને આ સંદર્ભે ઈન્દોરના પોલીસ સ્ટેશનમાં કલમ ૩૬૩ મુજબ ગુનો પણ નોંધાયો હતો. ઘરેથી કોઈ કારણે તે કંટાળી ગઈ હતી. તેથી ટ્રેનમાં બેસીને થોડા રૂપિયા પાકીટમાં નાંખીને ગાંધીનગર આવી ગઈ હતી. ફરતા ફરતા ગાંધીનગર ડેપોમાં આવી ગયેલી કિશોરી આપઘાતનો વિચાર કરી રહી હતી ત્યારે પોલીસે સમયસર પહોંચીને તેણીને આ વિચારમાંથી બહાર કાઢી પરિવારજનોનો સંપર્ક કરીને ઈન્દોર પોલીસની મદદ લઈ પરિવારજનોને સોંપી હતી.

ટેન્ડર નોટીસ

અન્ન નાગરિક પુરવઠા અને ગ્રાહકોની બાબતોના વિભાગ, સરદાર ભવન, બ્લોક નં.૧૪, પમો માળ, નવા સચિવાલય, ગાંધીનગર ખાતે રેટ કોન્ટ્રાક્ટરથી કાર્ટીઝ રીફીલીંગની કામગીરી માટે રસ ધરાવતી ગાંધીનગરની સ્થાનિક એજન્સી / સંસ્થાઓએ સીલબંધ કવરમાં ઉપસચિવશ્રી, અ.ના.પુ. અને ગ્રા.બા.ના વિભાગના નામે દિન-૭માં ભાવો મોકલવાના રહેશે. આ અંગે કાર્ટીઝ રીફીલીંગમાં વપરાતા પાવડરની માત્રા તેમજ કાર્ટીઝમાં વપરાતા સ્પેરપાર્ટસની વિગતો વિભાગની મહેકમ શાખા પાસેથી રજાના દિવસો સિવાયના દિવસોએ ઓફીસ સમયે મેળવી લેવા વિનંતી.

સહી/-
(જી. આર. ગોસ્વામી)
અ.ના.પુ. અને ગ્રા.બા.નો વિભાગ,
ગુજરાત સરકાર

માહિતી/૧૦૬૭/૧૪-૧૫